રાંદેર ટાઉનમાં ઘરમાં પાર્ક કરેલી બે મોપેડ સળગાવી દેવાઈ

આગને કારણે ઘરની બારીના કાચ પણ તૂટી ગયા

સુરતઃશહેરના ઐતિહાસિક રાંદેર વિસ્તારમાં મોડી રાત્રે અસામાજિક તત્વોએ આતંક મચાવી એક કાપડ દલાલના ઘરના આંગણે પાર્ક કરેલી બે મોપેડ બાઈકને જ્વલનશીલ પદાર્થ છાંટી જીવતા બોમ્બની જેમ સળગાવી દેવાની સનસનાટીભરી ઘટના સામે આવી છે. મધરાતે ઘરના કમ્પાઉન્ડમાં ફાટી નીકળેલી આગને કારણે ઘરની બારીઓ અને પબ્લિક પ્રોપર્ટીને પણ મોટું નુકસાન પહોંચ્યું હતું. આ મામલે ભોગ બનનારે આસપાસના સીસીટીવી કેમેરા ફંફોસતાં વિસ્તારના જ બે પરિચિત શખ્સો હાથમાં બોટલ લઈને રાત્રિના અંધકારમાં આંટાફેરા મારતા નજરે પડ્યા હતા. રાંદેર પોલીસે કાપડ દલાલની ફરિયાદના આધારે ગુનો નોંધી બંને હુમલાખોરોની ધરપકડના ચક્રો ગતિમાન કર્યા છે.

રાંદેર નાના બજાર વિસ્તારમાં આવેલી નેકજાના સ્ટ્રીટ, હલીમ મંજીલમાં ૬૦ વર્ષીય વૃદ્ધ કાપડ દલાલ સહિદ આહમદ ગુલામ હુસેન સેલોત રહે છે. ગઈ તારીખ ૧૯મી મેના રોજ રોજિંદા ક્રમ મુજબ તેઓ રાત્રે જમીને પરિવાર સાથે સૂઈ ગયા હતા. આ દરમિયાન મધરાતે આશરે ૩ઃ૦૦ થી ૪ઃ૦૦ વાગ્યાના અરસામાં અજાણ્યાઓએ તેમના ઘરના પાર્કિંગમાં પ્રવેશ કર્યો હતો અને ત્યાં પાર્ક કરેલી બંને કિંમતી એક્ટિવા મોપેડ પર કોઈ જ્વલનશીલ કેમિકલ અથવા પેટ્રોલ છાંટી દીવાસળી ચાંપી સળગાવી દીધી હતી. આગનીઝાળને કારણે પાર્કિંગની બાજુમાં આવેલી ઘરની બારીઓ અને કાચ પણ ફૂટી ગયા હતા. હુમલાખોરોએ ફરિયાદી તેમજ જાહેર જનતાની મિલકતને મોટું નુકસાન પહોંચાડી આશરે કુલ રૂપિયા ૧,૦૦,૦૦૦/- ની મત્તાનો ધુમાડો કરી દીધો હતો.સવારે આ ભયાનક દ્રશ્ય જોઈ ચોંકી ઉઠેલા સહિદભાઈએ તુરંત તપાસ શરૂ કરી હતી. તેમણે પોતાના ઘરની બિલકુલ સામે આવેલી 'ઈમ્તિયાઝ રેસિડેન્સી'ના સીસીટીવી કેમેરાના ફૂટેજ તપાસ્યા હતા. જેમાં મધરાતે ૩ થી ૪ ના સુમારે બે શખ્સો શંકાસ્પદ હાલતમાં આંટાફેરા મારતા દેખાયા હતા. ઝીણવટભરી તપાસમાં આ બંને ઓળખીતા શખ્સો (૧) આકીબખાન (રહે. ભરૂચી ભાગળ, રાંદેર) અને (૨) અબ્દુલ જાવેદ ગોરા (રહે. મુન્સી મહોલ્લો, રાંદેર) હોવાનું ખૂલ્યું હતું. ફૂટેજમાં આકીબખાનના હાથમાં કેમિકલ ભરેલી પ્લાસ્ટિકની બોટલ પણ સ્પષ્ટ દેખાતી હતી. રાંદેર પોલીસે આ સીસીટીવી ફૂટેજ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મધ્ય પ્રદેશનો શૂટર પાંડેસરામાંથી ઝડપાયો

દેવાસમાં ગેંગવોરમાં ફાયરિંગ કરી સુરત ભાગી આવ્યો હતો

સુરતઃ મધ્ય પ્રદેશના દેવાસ જિલ્લામાં અઠવાડિયા અગાઉ થયેલી ચકચારી ગેંગવોર અને હત્યાના ગુનામાં નાસતા ફરતા કુખ્યાત આરોપી 'રાહુલ ઉર્ફે શૂટર'ને સુરત શહેર ક્રાઈમ બ્રાન્ચે પાંડેસરા વિસ્તારમાંથી ઝડપી પાડ્યો છે.

ક્રાઈમ બ્રાન્ચે આરોપીની અટકાયત કરી મધ્ય પ્રદેશ પોલીસને સોંપવાની તજવીજ હાથ ધરી છે.

મધ્ય પ્રદેશના દેવાસ જિલ્લાના નાહર દરવાજા પોલીસ સ્ટેશનના ખૂનના ગુનાનો નાસતો ફરતો આરોપી પાંડેસરામાં છૂપાયો હોવાની ક્રાઈમ બ્રાંચને બાતમી મળતાં પોલીસે પાંડેસરા વડોદગામ એસ.એમ.સી. (SMC) આવાસ ગેટ નંબર-૧ પાસેથી ૨૭ વર્ષીય રાહુલ ઉર્ફે શૂટર રાજેન્દ્ર ચૌહાણ (રહે., બિહારીગંજ મહોલ્લો, દેવાસ, મધ્ય પ્રદેશ)ને કોર્ડન કરીને ઝડપી પાડ્યો હતો. પોલીસ પૂછપરછમાં સામે આવ્યું છે કે, ગત તા. ૧૭/૦૫/૨૦૨૬ના રોજ રાત્રિના સમયે આરોપી રાહુલ શૂટર અને તેના મિત્રો રીતિક સિયોટે, વરુણ બાલી, બિપિન બાલી, મોનુ સિયોટે અને સિદ્ધાર્થ ઉર્ફે ગટ્ટુ નાહર દરવાજા પાસે ઊભા હતા.

આ દરમિયાન જૂની અદાવતની રાખ રાખીને શુભમ ઉર્ફે લડ્ડુ નાથ અને તેના સાથીદારો ઘાતક હથિયારો સાથે ત્યાં ધસી આવ્યા હતા.

બંને ગેંગ વચ્ચે ભારે ઝપાઝપી અને સામસામે ફાયરિંગ થયું હતું. જેમાં રાહુલ શૂટરની ગેંગ તરફથી કરાયેલા અંધાધૂંધ ફાયરિંગમાં શુભમ ઉર્ફે લડ્ડુ નાથને શરીરે ગોળીઓ વાગતાં તેનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું.

૯ વર્ષથી ફરાર લિંબાયતનો સોહેલ ગુંડે ઝડપાયો

સુરતઃ લિંબાયત પોલીસે હોટલ માલિક અને તેના પુત્ર પર જાનલેવા હુમલો કરી, જાનથી મારી નાખવાની ધમકી આપી છેલ્લા ૯ વર્ષથી ફરાર આરોપી જુલ્ફીકાર ઉર્ફે મહંમદ સોહીલ ઉર્ફે સોહેલ ગુંડે મહમદ એઝાજ સિદ્દીકીને ઝડપી પાડ્યો છે. ગત તા. ૨૦/૦૧/૨૦૧૭ના રોજ આરોપી સાગરીતો સરવર શેખ અને ઈમરાન અહમદ અંસારી સાથે લિંબાયત મદીના મસ્જિદ નજીક આવેલી 'ગરીબ દરબાર હોટલ' પર જમવાનું પાર્સલ લેવા ગયો હતો. ત્યાં છૂટા પૈસા બાબતે બોલાચાલી થતા આરોપીઓ એકદમ ઉશ્કેરાઈ ગયા હતા અને હોટલ સંચાલક તથા તેમના પુત્ર સાથે બેફામ ગાળાગાળી કરી નજીકમાંથી લાકડાના ફટકા લાવી પિતા-પુત્ર પર તૂટી પડ્યા હતા. ઈલ્યાસભાઈ અને તેમના પુત્રને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચાડી આરોપીઓ જાનથી મારી નાખવાની ધમકી આપીને ફરાર થઈ ગયા હતા.

ચેમ્બરના ઉપપ્રમુખ પદની બહુ ગાજેલી ચૂંટણી માટે આજે મતદાન

14,000થી વધુ મતદારો ભરૂચા અને રવિરાજ દેસાઈનું ભવિષ્ય નક્કી કરશે

સુરતઃ આજે ચેમ્બર ઓફ કોમર્સના ઉપપ્રમુખની ચૂંટણી માટે કાલે મતદાન થશે ગત ચૂંટણીની તુલનાએ મતદારો વધતા ચેમ્બરની ચૂંટણી કમિટીએ 14,000થી વધુ મતદારો માટે બુથ સંખ્યા વધારી છે. લાઇફ મેમ્બરોની વધેલી સંખ્યા વચ્ચે અતિશય ગરમી અને ઉનાળુ વેકેશનના માહોલમાં ચેમ્બરના સભ્યો કેવું અને કેટલું મતદાન કરે છે. એ રવિવારે રાતે 8 વાગ્યા સુધી સ્પષ્ટ થઈ જશે.

વર્ષ 2026-27ની ઉપપ્રમુખ પદની ચૂંટણી માટેનો સીધો જંગ ચેમ્બરની મેનેજિંગ કમિટીના સિનિયર સભ્ય અને ટેક્સટાઇલ ક્લબ સુરતના પૂર્વ પ્રમુખ નીતિન ઠાકોરદાસ ભરૂચા અને સ્પિનિંગ, ફૂડ પ્રોસેસિંગ ઈન્ડસ્ટ્રીના યુવા ઉદ્યોગપતિ રવિરાજ દેસાઈ વચ્ચે છે. રવિરાજ દેસાઈ ચેમ્બરના માજી પ્રમુખો દ્વારા સિલેક્શન થકી બહુમતથી નક્કી થયેલા ઉમેદવાર છે. જ્યારે નીતિન ભરૂચા આ વર્ષની ચૂંટણીમાં પ્રબળ દાવેદાર સી.એ. મિતીષ મોદીએ માજી પ્રમુખોની ફોરમને આપેલું રાજીનામું મંજૂર થયા પછી મોદી સમર્થકો દ્વારા ઉપસી આવેલા ઉમેદવાર છે.

સી.એ. મિતીષ મોદીએ આ વર્ષે ચૂંટણી લડવા માટે આગોતરું આયોજન કર્યું હતું. તેમણે ચેમ્બરના 750 સભ્યનું સોશિયલ મીડિયા ગ્રુપ બનાવી પ્રચાર પણ શરૂ કર્યો હતો. પણ પોતાના બે-ત્રણ સમર્થક આગેવાનોની વાતમાં આવી તેઓ પૂર્વ પ્રમુખોની ફોરમમાં સર્વ સહમત ઉમેદવાર બનવા રવિરાજ દેસાઈ સાથે PP ફોરમમાં એડ્વાન્સ વિડ્રોઅલ રજૂ કરવા સાથે ગયા હતા. અહીં 22 પૈકી 20 માજી પ્રમુખોએ કરેલા ગુપ્ત મતદાનમાં રવિ રાજ દેસાઈ પર પસંદગીનો કળશ ઢોળાતાં મોદી નારાજ થયા હતા. તેઓએ વિડ્રોઅલ પરત ખેંચવાની ચૂંટણી કમિટીને લેખિત અરજી કરી હતી, પણ પૂર્વ પ્રમુખોના જૂથે તેઓનું વિડ્રોઅલ ચૂંટણી કમિટીને ફોર્મ ખેંચવાની સમયમર્યાદા પૂર્વે જ ચેમ્બરમાં રજૂ કરી દેતાં ચૂંટણી કમિશને તેઓનું વિડ્રોઅલ મંજૂર કરી દીધું હતું. ફોર્મ ખેંચવાના અંતિમ દિવસે મનીષ કાપડિયાએ પણ ફોર્મ ખેંચી લેતાં માત્ર 2 ઉમેદવાર નીતિન ભરૂચા અને રવિરાજ દેસાઈ જ મેદાનમાં રહ્યા હતા.

ચેમ્બરના ઉપપ્રમુખ પદની ચૂંટણીમાં માજી પ્રમુખોના દાવપેચથી ચૂંટણીની બહાર નીકળી ગયેલા સી.એ. મિતીષ મોદીના સમર્થકોએ માજી પ્રમુખોના જૂથને શબક શીખવવા નીતિન ભરૂચાની ઉમેદવારીને સમર્થન જાહેર કરતાં ભરૂચાને મોદીએ તૈયાર કરેલું પ્લેટફોર્મ સીધું મળી ગયું હતું. એક રીતે કહીએ તો તૈયાર ભાણે બેસવાનો મોકો મળતાં તેઓએ આ તક ઝડપી લીધી હતી. એવી રીતે રવિરાજ દેસાઈ પણ 6 વર્ષના મેનેજિંગ કમિટીના કાળ સાથે માજી પ્રમુખોની ગુડવિલના તૈયાર પ્લેટફોર્મ પર એક રીતે કહીએ તો તૈયાર ભાણે સબળ ઉમેદવાર તરીકે બહાર આવ્યા છે.

આ ચૂંટણીમાં પ્રચાર દરમિયાન સુરતી ખત્રી અને બહુવિધ મોઢવણિક સમાજ નીતિન ભરૂચા તરફે જણાયો હતો. જ્યારે અનાવિલ, મુસ્લિમ અને જૈન સમાજ રવિરાજ દેસાઈની તરફેણમાં જણાયો હતો. જો કે, બંને ઉમેદવારોની હારજીત ખૂબ મોટી સંખ્યામાં મતદાર એવા સૌરાષ્ટ્રવાસી અને રાજસ્થાની સમાજના મતદારો નક્કી કરશે.

રાંદેરમાં પ્રેમ લગ્નનાં 3 વર્ષમાં પરિણીતાએ ફાંસો ખાધો

સુરતઃ રાંદેરમાં પ્રેમ લગ્નનાં 3 વર્ષમાં પરિણીતાએ ઘરકંકાસમાં ફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો.

મળેલી માહિતી મુજબ, રાંદેર વિસ્તારમાં આવેલી અમીધારા વાડીની પાસે રોયલ પેલેસમાં અભિષેક ગાંધી પરિવાર સાથે રહે છે. તે ખાનગી કંપનીમાં નોકરી કરે છે. અભિષેકે ત્રણ વર્ષ પહેલાં 38 વર્ષીય રિતુ સાથે પ્રેમ લગ્ન કર્યા હતા. રિતુ રેડીમેન્ટ કપડાંની દુકાનમાં નોકરી કરતી હતી. શનિવારે સવારે રિતુએ ઘરમાં પંખા સાથે દોરી બાંધીને ફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો. રિતુએ ઘરકંકાસમાં આપઘાતનું પગલું ભર્યું હોવાની શક્યતા પોલીસે વ્યક્ત કરી હતી. જોકે પિયર પક્ષ વતનથી આવ્યા બાદ વધુ તપાસ હાથ ધરવામાં આવશે તેમ જાણવા મળ્યું હતું.

ઉનાળું વેકેશન, રાંધણ ગેસની કમી અને વતનમાં લગ્નગાળો જેવાં કારણોથી

સુરતના કાપડ ઉદ્યોગમાં શ્રમિકોના પલાયનથી ઘેરી મંદી

છેલ્લાં ત્રણેક મહિનામાં હજારો મજૂરો ઉત્તર પ્રદેશ, બિહાર અને ઓડિશા રવાના થયા, જેનાથી ઉત્પાદન ક્ષમતા ૪૦ ટકા જેટલી ઘટી ગઈ

સુરતઃ વિશ્વના કાપડ ઉદ્યોગની રાજધાની તરીકે ઓળખાતા સુરતમાં શ્રમિકોના વ્યાપક પલાયનને કારણે કાપડ ઉદ્યોગ સંકટની ઘેરી મંદીમાં સપડાયો છે. ઉનાળું વેકેશન, રાંધણ ગેસની કમી અને વતનમાં લગ્નગાળો જેવા કારણોને લઈ છેલ્લાં ત્રણેક મહિનામાં હજારો મજૂરો ઉત્તર પ્રદેશ, બિહાર અને ઓડિશા તરફ પાછા ફરી ગયા છે, જેનાથી ઉત્પાદન ક્ષમતા ૪૦ ટકા જેટલી ઘટી ગઈ છે.

સુરત ટેક્સટાઈલ માર્કેટના વેપારીઓ અને મિલ માલિકોના જણાવ્યા મુજબ, વર્ષોથી સુરતમાં કામ કરતાં લાખો શ્રમિકોમાંથી મોટાભાગના હવે ગામ પરત જઈ રહ્યા છે. મુખ્ય કારણ હાલમાં રાંધણ ગેસ મોંઘો થવો, ઉનાળું વેકેશન, વતનમાં લગ્નગાળો અને વધતી મોંઘવારી જેવા કારણો વધુ ગંભીર પરિસ્થિતિનુ નિર્માણ સર્જ્યું છે. શહેરનાં રિંગ રોડ, પાંડેસરા, સચિન અને કામરેજ વિસ્તારોની કાપડ મિલોમાં હાલમાં માત્ર ૫૦ ટકા જેટલી જ કાર્યક્ષમતા સાથે ઉત્પાદન ચાલી રહ્યું છે. તેને કારણે અનેક નાના-મધ્યમ એકમોને ઓર્ડર પૂરા કરવામાં મુશ્કેલી પડી રહી છે. પરિણામે, ઘણી મિલો અસ્થાયી રીતે બંધ પડી જવાનાં કગારે આવીને ઊભી છે. એક મિલ માલિક રાજેશ પટેલે જણાવ્યું કે, શ્રમિકો વગર અમે કેવી રીતે ઉત્પાદન કરીએ? એક મશીન પર બેના બદલે એક જ કામદાર કામ કરે છે, જેનાથી ગુણવત્તા અને ઝડપ બંને પર અસર પડે છે.

આ મંદીની અસર માત્ર ઉત્પાદકો સુધી જ સીમિત નથી. કાપડના વેપારીઓ, ડાઈંગ એકમો, એમ્બ્રોઈડરી અને ટ્રાન્સપોર્ટ સેક્ટર પણ મુશ્કેલીમાં છે. અનેક કારણો ભેગા થવાને કારણે હાલ ઉદ્યોગ વર્તુળોમાં ચિંતા વધી રહી છે.

ચેમ્બરની ચાર મેગા ઈવેન્ટ્સનો ભવ્ય શુભારંભ

સુરતમાં જલ્દી કેમેક્સિલની હાઈટેક ઓફિસ શરૂ થશેઃ સતીષ વાઘ

સુરતઃ ચેમ્બર ઓફ કોમર્સની ચાર સંયુક્ત ઈવેન્ટ । ઉદ્ઘાટન સમારોહમાં ઉદ્યોગ જગતના અગ્રણીઓ, શિક્ષણવિદો અને નામાંકિત કંપનીઓના પ્રતિનિધિઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

ચેમ્બરના પ્રમુખ નિખિલ મદ્રાસીએ હતું કે, સુરત અને દક્ષિણ ગુજરાતના કેમિકલ અને ફાર્મા ઉદ્યોગને નવી ઊંચાઈઓ પર લઈ જવાના હેતુથી પહેલીવાર આ વિશિષ્ટ એક્સ્પોનું આયોજન થયું છે. આ ક્ષેત્રના લાંબાગાળાના વિકાસ માટે ચેમ્બર દ્વારા દેશની પ્રતિષ્ઠિત સંસ્થા 'કેમિક્સિલ' સાથે તાજેતરમાં આગામી પાંચ વર્ષ માટેના મહત્ત્વપૂર્ણ MOU (મેમોરેન્ડમ ઑફ અંડરસ્ટેન્ડિંગ) સહી કરવામાં આવ્યા છે, જે આગામી દિવસોમાં આ ક્ષેત્રને નવી દિશા આપશે.

આ પ્રસંગે મુખ્ય અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહેલા કેમિક્સિલ સંસ્થાના પ્રમુખ સતીષ વાઘે જણાવ્યું હતું કે, ભારતની ફાર્મા અને કેમિકલ ઈન્ડસ્ટ્રી હાલમાં વૈશ્વિક સ્તરે સૌથી ઝડપી પ્રગતિ કરી રહી છે.

સુરતમાં ગરમી ફરી વધી તાપમાન 37 .2 ડિગ્રી પહોંચ્યું

બપોર બાદ તેજ પવનથી આંશિક રાહત, છતાં ઉકળાટમાં વધારો

સુરતઃ શહેરમાં ઉનાળાની ગરમી ફરી એકવાર તેજ બનતી જોવા મળી રહી છે. આજે શહેરનું મહત્તમ તાપમાન 1.2 ડિગ્રીના વધારા સાથે 37.2 ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી ગયું હતું. બીજી તરફ લઘુત્તમ તાપમાન ગઈકાલ જેટલું જ 28.4 ડિગ્રી નોંધાતા રાત્રિના સમયે પણ ગરમીનો અહેસાસ યથાવત રહ્યો હતો.

હવામાન વિભાગના જણાવ્યા મુજબ શહેરમાં આજે હવામાં 57 ટકા ભેજ નોંધાતા ગરમી સાથે ઉકળાટમાં પણ વધારો થયો હતો. સવારે અને બપોરના સમયે લોકો ગરમી અને ભેજના કારણે અકળાઈ ઊઠ્યા હતા. ખાસ કરીને ખુલ્લામાં કામ કરતાં મજૂરો, વેપારીઓ અને વાહનચાલકોને ભારે ગરમીનો સામનો કરવો પડ્યો હતો. દિવસ દરમિયાન 6 કિમી પ્રતિ કલાકની ઝડપે દક્ષિણ-પશ્ચિમ દિશાનો પવન ફૂંકાતો રહ્યો હતો. બપોર બાદ પવનની ઝડપમાં વધારો થતાં શહેરના અનેક વિસ્તારોમાં ગરમીમાંથી આંશિક રાહત અનુભવાઈ હતી. સાંજના સમયે વાતાવરણમાં થોડી ઠંડક અનુભવાતા લોકો ઘરની બહાર નીકળતા જોવા મળ્યા હતા.

હવામાન વિભાગે આગામી દિવસોમાં શહેરમાં ઉકળાટ અને ગરમીમાં વધુ વધારો થવાની શક્યતા વ્યક્ત કરી છે. ભેજનું પ્રમાણ વધતા ગરમીનો પ્રભાવ વધુ તીવ્ર બની શકે છે. હવામાન નિષ્ણાતોએ લોકોને બપોરના સમયે જરૂરી કામ સિવાય બહાર ન નીકળવાની, પૂરતું પાણી પીવાની અને તડકાથી બચવાની સલાહ આપી છે.

ચાર્જર પોઇન્ટ પર ફરી ગંદકીથી મનપાની કામગીરી સવાલોમાં

ડિંડોલી ચિલ્ડ્રન પાર્કમાં તંત્રની ઘોર બેદરકારી

તૂટેલા હિંચકા, બંધ પાણીની પરબ અને કચરાના ઢગલાઓથી સ્થાનિકોમાં રોષ

કમિશનરની સૂચનાનું પણ પાલન થતું નથી

સુરતઃ સુરતને દેશભરમાં સ્માર્ટ સિટી અને સ્વચ્છ સિટી તરીકે ઓળખ અપાવવામાં સુરત મહાનગરપાલિકા કરોડો રૂપિયાના વિકાસ કાર્યો અને અભિયાનોના દાવા કરતી રહે છે. પરંતુ શહેરના ડિંડોલી વિસ્તારમાંથી સામે આવેલી સ્થિતિ મનપાના આ દાવાઓની હકીકત ઉજાગર કરી રહી છે. ડિંડોલી TP-1 વિસ્તારમાં આવેલા શાંતિ કુંજ અને ચિલ્ડ્રન પાર્ક હાલ તંત્રની બેદરકારી અને મેન્ટેનન્સના અભાવનું પ્રતિક બની ગયો છે. સાથે જ EV ચાર્જર પોઈન્ટ પર ફરી ગંદકીના ઢગલાં જોવા મળતા મનપાની કામગીરી સામે સવાલો ઊભા થયા છે. વર્ષ 2017માં લોકાર્પણ કરાયેલો આ પાર્ક એક સમયે સ્થાનિક પરિવારો અને બાળકો માટે મનોરંજનનું મુખ્ય કેન્દ્ર હતો. વડીલો માટે સવાર-સાંજ ફરવા માટે આ શાંતિ કુંજ આશીર્વાદ સમાન માનવામાં આવતો હતો. પરંતુ સમય જતાં પાર્કની જાળવણી જાણે તંત્ર ભૂલી ગયું હોય તેવી સ્થિતિ સર્જાઈ છે. હાલ પાર્કમાં બાળકો માટે લગાવવામાં આવેલા હિંચકા કાટ ખાઈને તૂટી ગયા છે, જ્યારે લપસણીઓ પણ નુકસાનગ્રસ્ત હાલતમાં છે. જેના કારણે બાળકો માટે અકસ્માતનો ભય ઊભો થયો છે. બગીચાની હરિયાળી ગાયબ થઈ ચૂકી છે અને અનેક વૃક્ષ યોગ્ય માવજતના અભાવે સૂકાઈ રહ્યા છે. બગીચામાં જગ્યા જગ્યા પર ધૂળ અને કચરાના ઢગલાઓ જોવા મળતા લોકોમાં ભારે નારાજગી ફેલાઈ છે. ઉનાળાની ગરમી વચ્ચે પાર્કમાં પીવાના પાણી માટે બનાવવામાં આવેલી પાણીની પરબ પણ લાંબા સમયથી બંધ હાલતમાં પડી છે. સ્થાનિકોનો આક્ષેપ છે કે અનેક રજૂઆતો છતાં મનપા તંત્ર કોઈ પગલાં લેતું નથી. બાળકો અને પરિવાર સાથે આવનારા લોકોને ઘરેથી પાણી લાવવાની ફરજ પડી રહી છે. બીજી તરફ, સુરત મનપા કમિશનર એમ નાગરાજે અગાઉ શહેરના EV ચાર્જર પોઈન્ટ પર ગંદકી જોવા મળતા તાત્કાલિક સફાઈના આદેશ આપ્યા હતા. થોડા દિવસો સુધી કામગીરી દેખાઈ પણ હવે ફરી ચાર્જર પોઈન્ટો પર કચરાના ઢગલાં જોવા મળી રહ્યા છે. જેના કારણે કમિશનરની સૂચનાઓનું પણ પાલન ન થતું હોવાનું સ્પષ્ટ થઈ રહ્યું છે.સ્થાનિકોમાં હવે પ્રશ્ન ઊઠી રહ્યો છે કે શું સ્માર્ટ સિટી અને સ્વચ્છ સિટીના દાવા માત્ર VIP વિસ્તારો અને કાગળો પૂરતા જ સીમિત છે? લોકો માંગ કરી રહ્યા છે કે મનપા તંત્ર તાત્કાલિક પાર્ક અને જાહેર સુવિધાઓની યોગ્ય જાળવણી કરીને નાગરિકોને મૂળભૂત સુવિધાઓ ઉપલબ્ધ કરાવે.



સંક્ષિપ્ત સમાચાર

અખિલ હિંદ મહિલા પરિષદ દ્વારા 'કૃષ્ણાવતાર' ફિલ્મ બતાવવામાં આવી

સુરતઃ અખિલ હિંદ મહિલા પરિષદ બૃહદ સુરત શાખાના ઉપક્રમે તા.૨૧/૦૫/૨૬ ને ગુરુવારે રાત્રે ૭.૩૦, ૭:૪૫ અને ૮:૦૦ કલાકે શહેરના એક થિયેટરમાં ત્રણ સ્ક્રીનમાં "કૃષ્ણાવતારમ્"ફિલ્મના સફળ શોનું આયોજન કરવામાં આવ્યું હતું. ૬૫૦ ભાઈ બહેનો અને બાળકોએ ફેમિલી, સખી સહેલીઓએ એકસાથે મુવી જોવાનો આનંદ માણ્યો હતો. શો, ટીકીટ અને નાસ્તા નું સમગ્ર આયોજન ઉપપ્રમુખ શ્રીમતી હીના નાયક દ્વારા સુંદર રીતે સંચાલિત કરવામાં આવ્યું હતું તેમ પ્રમુખ પ્રજ્ઞા દલાલે જણાવ્યું હતું.

સોનાના ગ્લાસમાં દૂધ જ પીવાય, દારૂ તો ન જ પીવાયઃ જૈનાચાર્ય પદ્મદર્શનસૂરિજી

મુંબઇઃ મુંબઇના પ્રાર્થના સમાજ સ્થિત શ્રી ચન્દ્રપ્રભસ્વામી જિનાલયના આરાધના ભવનમાં જૈનાચાર્ય પદ્મદર્શનસૂરિજી મહારાજે અમૃતવાણી વહાવતા શ્રોતાઓ સમક્ષ જણાવ્યું હતું કે, માનવભવ હારવા માટે નહીં પણ જીતવા માટે મળ્યો છે. કર્મસત્તા સામે સંગ્રામ ખેલવા માટે ધર્મસત્તા માનવભવમાં જ પ્રાપ્ત થાય છે. કેટલાક સાધક કક્ષાના જીવો જ માનવભવમાં સમયનો સદુપયોગ કરી શકતા હોય છે. દેવ, નારક અને નિર્યંચ ગતિમાં ધર્મ કરવાના ચાન્સ બહુ ઓછા મળતા હોય છે. માનવભવ સુવર્ણના ગ્લાસ સમાન છે. સોનાના ગ્લાસમાં સિંહણનું દૂધ જ શોભે છે. દૂધ એ ધર્મ સમાન છે. સોનાના ગ્લાસમાં દૂધ જ પીવાય, દારૂ તો ન જ પીવાય દારૂ એટલે અર્થ અને કામનું બેફામણું. અત્યારે ધર્મ અને મોક્ષ પુરુષાર્થ કરનારો વર્ગ ઘણો ઘટ્યો છે. ક્રિયાત્મક ધર્મ જરૂર વધ્યો છે પણ ગુણાત્મકધર્મ ઘટતો જાય છે.

ચતુર્થ દક્ષિણ ગુજરાત દિવ્યાંગ સીટિંગ વોલીબોલ ચેમ્પિયનશિપ યોજાઈ

સુરતઃ પેરા સ્પોર્ટ્સ એસોસિએશન સુરત તથા ધી સોસાયટી ફોર ફિઝિકલી હેન્ડીકેપ્ડ-સુરત દ્વારા શ્રી ગોકુલચંદ્રમાજી હવેલીના સહયોગથી ચતુર્થ દક્ષિણ ગુજરાત દિવ્યાંગ સીટીંગ વોલીબોલ ચેમ્પિયનશિપ ૨૦૨૬નું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. સ્પર્ધામાં ઓ વિભાગમાં સુરત ટીમે પ્રથમ, વડોદરા ટીમે દ્વિતીય અને તાપી ટીમે તૃતીય સ્થાન મેળવ્યું હતું. બહેનો વિભાગમાં વડોદરા ટીમ પ્રથમ, સુરત ટીમ દ્વિતીય અને ડાંગ ટીમ તૃતીય સ્થાને રહી હતી. બેસ્ટ પ્લેયર તરીકે ઓમાં અમિત ગવાઇકર (વડોદરા) અને શાંતિલાલ બમ્હરોલિયા (સુરત) જ્યારે બહેનોમાં ગુલાબ શાહ (સુરત) અને હેમલતા માછી (વડોદરા)ને ટ્રોફી આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. સંચાલન આનંદ શાહ, અમિત શાહ, જુગનુ પરીખ, અંકિત મોદી, મનીષ ગાંધી અને પ્રફુલ મહેતાએ સફળતાપૂર્વક સંભાળ્યું હતું. કાર્યક્રમમાં ગોસ્વામી ૧૦૮ દ્વારકેશલાલજી મહારાજ, અનિરુદ્ધલાલજી, ડો. શૈલેષ અગ્રવાલ, દક્ષેશ શાહ, ધવલ નાણાવટી અને ગોવર્ધન રાદડિયા ઉપસ્થિત રહ્યા હતા.

ગુજરાત પ્રદેશ સુથાર સમાજની ૩૧મી વાર્ષિક સાધારણ સભા યોજાઈ

સુરતઃ સમગ્ર ગુજરાત પ્રદેશ સુથાર સમાજના મેવાડા ગજ્જર વૈશ્ય અને પંચોલી સુથાર જ્ઞાતિજનોની ૩૧મી વાર્ષિક સાધારણ સભા તાજેતરમાં સમાજના કાર્યાલય ખાતે પ્રમુખ ઠાકોર મિસ્ત્રીના અધ્યક્ષ સ્થાને યોજાઈ હતી. જેમાં દિપ પ્રાગ્ટય નિખિલભાઈ ગજ્જર, દિનેશચંદ્ર સુથાર, ગૌતમભાઇ સુથાર, જનકભાઈ ગજ્જર, પિયુષભાઈ મિસ્ત્રી, આશિષ સુથાર, ધવલ મિસ્ત્રી સાથે સંસ્થાના મંત્રી સંજય ગજ્જર દ્વારા કરાયું હતું. સભાનું સંચાલન મંત્રી સંજય ગજ્જરે કર્યું હતું.

સુરત જિલ્લા એક્વેટિક એસો.ની તરણ સ્પર્ધા યોજાઈ

સુરતઃ સુરત જિલ્લા એક્વેટિક એસોસિએશન દ્વારા સુરત જિલ્લાની સિનિયર વિભાગ તથા મોટિવેશન તરણ સ્પર્ધા તા. સોમવારે રોજ રૂસ્તમપુરા તરણકુંડ ખાતે યોજાઈ હતી, જેમાં રાજ્ય કક્ષાએ પસંદગી પામનાર ખેલાડીઓ ભાઈઓમાં અંશુલ કોથારી, નમ્ર પટેલ, કુંજ દેસાઈ, અવધ સુકાની, દેવ ઝાલાવાડિયા, હેનીસ ચૌહાણ, આર્ય સોની, કરન પરીખ, શ્રેય પટેલ, આરવ સેલર, રાઘવ પટેલ, તનય ભગવાગરી તેમજ બહેનોમાં તાસા મોદી, હિરાન્સી સોની, કલ્યાણી સક્સેના, નીર શાહ, લીઝા પટેલ, દ્રિશ્યા મહેતા, મૈત્રી પટેલની પસંદગી થઈ છે.

ખ્વાજા ગરીબ નવાઝના ઉર્ષ નિમિત્તે કપિંગથેરાપી કેમ્પ યોજાયો

સુરતઃ સુફી સંત ખ્વાજા ગરીબ નવાઝ અજમેરીના ૮૧૪ માં ઉર્ષના પ્રસંગે મફત હીજામા કેમ્પ (કપિંગથેરાપી) તા. ૧૭/૦૫/૨૦૨૬ રવિવારે ફક્ત ૧ દિવસ માટે સવારે ૧૦:૦૦ થી ૦૧:૦૦ કલાકે ખ્વાજા ગરીબ નવાઝ ઓપીડી સેન્ટરમાં રાખવામાં આવ્યો હતો. જેમાં ડો. ફીરદોસ શેખ અને ડો. હુઝૈફા ચીડીમાર એ સેવા આપી હતી. ૧૪૨ જેટલા ભાઈબહેનોએ આ કેમ્પનો લાભ લીધો હતો. કાર્યક્રમને સફળ બનાવવા ખ્વાજા ગરીબ નવાઝ વેલ્ફેર ટ્રસ્ટના પ્રમુખ આસીફભાઈ ચીડીમાર, ઉપપ્રમુખ શબ્બીરભાઈ દડા, સેક્રટરી ફૈયાઝભાઈ ચીડીમાર, હસન ચીડીમાર, બીલાલ ચીડીમાર, કાદરભાઈ, બકુલપટેલ, સુહાન, અલઉવેશ, ફરહાન ગગન, રોશની, અરશીયા, ઝારાએ જેહેમત ઉઠાવી હતી.

અધિક નિમિત્તે સિવિલમાં દર્દીઓના સ્નેહીજનો માટે સમોસા-ફળોનું વિતરણ

સુરત : અધિક માસના પવિત્ર અવસરે સુરત સિવિલ હોસ્પિટલ પરિસરમાં માનવસેવાની અનોખી પહેલ શરૂ કરવામાં આવી છે. "સેવા પરમો ધર્મ" અને "કર ભલા તો હોગા ભલા"ના સંદેશને સાકાર કરતી આ પ્રવૃત્તિ અંતર્ગત દર્દીઓના સ્નેહીજનો માટે દર રવિવારે નાસ્તા અને ભોજન વિતરણનું આયોજન કરવામાં આવે છે. નર્સિંગ કાઉન્સિલના ઉપપ્રમુખ ઈકબાલ કડીવાલાએ જણાવ્યું હતું કે, હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા દર્દીઓ સાથે આવતા પરિવારજનોને ઘણી વખત કલાકો સુધી હોસ્પિટલ પરિસરમાં રહેવું પડતું હોય છે. આવી પરિસ્થિતિમાં દાતાઓ અને મિત્ર વર્તુળ દ્વારા માનવતાભર્યો અભિગમ અપનાવી સમોસા, ફળો તથા અન્ય ખાદ્ય સામગ્રીનું વિતરણ કરવામાં આવી રહ્યું છે.